કિન્ડરગાર્ટન

સંગીત બાળ શિક્ષણ.

રચી છપાવીને પ્રસિદ્ધ કરનાર

કાનજી કાલીદાસ જોશી.

શિક્ષક, ન્યુ હાઈસ્કુલ.

કોટ, મુંબઈ.

આવૃતિ બીજી.

વીઠલ પ્રેસ, ૧૨૪ ગીરગામ બેક રોડ, મુંબઈ.

પ્રિન્ટર પી. વિઠલરાવ

સંવત ૧૯૭૦. સને ૧૯૧૪.

કિંમત ત્રણ આના.

પ્રસ્તાવના.

કિન્ડરગાર્ટન શિક્ષણ, ઇગ્લાંડ, જર્મની, અને અમેરીકામાં સંગીત સાથે આપવામા આવે છે. આથી બાળકોને ગમત પડે છે, તેમજ શિક્ષકોને શીખવવું સરળ પડે છે. વળી બાળકોને નાનપણથી કવિતાનો શોખ વધે છે. સંગીતથી અઘરામાં અઘરા વિષયો સહેલાઇથી શીખવી શકાય છે. અને તેથી બાળકો આળસુ થવા પામતાં નથી, તેમજ તમને કંટાળો આવતો નથી; ઉલટાં ઉમંગી અને આનંદી બને છે. તેમની મનશકિત ચંચળ થાય છે. ગાયન ગવાડવા એનું નામ સંગીત નથી, પણ જો તેઓને તાલ–સુર સાથે ગાતાં આવડે તોજ તે સંગીત કહેવાય.

આ નાના પુસ્તકમાં સંગીત સાથે કસરત (Drill) પણ ગોઠવવામાં આવી છે, જે એ કામની ગરજ સારે છે. ૧. ગાયન તથા સરગમ, તાલ–સુર સાથે ગવાય છે, અને ૨. ડ્રીલ વખતસર થાય છે. આજ કારણથી સંગીત તથા કસરત સાથેજ ગોઠવેલાં છે. ગોઠવણી એટલી સહેલી કરી છે કે સંગીત સાથે ડ્રીલ કરવી એ ઘણું સુગમ પડે છે

પહેલ વહેલાં ૧. થી ૧૨ સુધી સરગમ કસરત આપી છે તે વડે જુદી જુદી બાર જાતની ડ્રીલ થઇ શકે છે.

વળી કેટલીક સહેલી કવિતા તથા ગાયનો જુદા જુદા રાગ તથા તાલમાં ઉતારેલાં, પછવાડેના ભાગમાં આપેલાં છે, તે બાળકોને ઉપયોગી થઇ પડશે. અને તેમાંના કેટલાંક ગાયનો વડે પણ જુદી જુદી જાતની ડ્રીલ થઇ શકે છે.

માણસ માત્ર ભૂલને આધીન છે. તેથી કરીને જો કઇ પણ ભૂલ રહી ગઇ હોય તો વાંચક ક્ષમા કરશે એવી આશા છે. આ બીજી આવૃતિના સુધારા વધારા કરવામા મારા મુરબ્બી મહેરબાન હીત ચિંતકોએ મને મદદ આપી છે, તે માટે તેઓ સાહેબોનો હુ અત્રે ઉપકાર માનુ છુ.

તમાકુવાળાનો માળો. કાંદાવાડી, }
પોષ શુદ પુનમ. સંવત ૧૯૭૦. } કર્તા.

રૂપાનો ચાંદ.

તથા

સર્ટીફીકેટ.

જુના મુંબઈના પ્રદર્શનમાંથી નાનાં બચ્ચાંઓની રમતો માટે, અમને રૂપાનો ચાંદ તથા સર્ટીફીકેટ મળ્યાં છે.

નાનાં બાળકોને શીખવવાની શરૂઆત કરવાનું બોકસ.

કકા બારાખડી, તથા એકડે એકથી સો સુધી રમતાં રમતાં આવડે તેનું સપુર્ણું સચિત્ર સામાન સાથનું બોકસ રૂ. ૩.

મળવાનું ઠેકાણું

કે. કે. જોશી એન્ડ બ્રધર્સ.

કિન્ડરગાર્ટન એન્ડ મ્યુઝીક ટીચર્સ.

તમાકુવાળાનું ઘર નંબર ૮૪-૯૨ કાંદાવાડી

પોસ્ટ ગીરગામ નં. ૪ મુંબઈ.

અર્પણ

જેને આધારે જગ સઘળું, ચંદ્ર, સૂરજ, તારા, ગણુ,
જન, પશુ, પંખી, પ્રાણી, જંતુ, ઝાડ, પવન, પાણી, પણુ.

એવા મહાન

નિરંજન, નિરાકાર પ્રભુની કૃપાથી,
મારાં મરહુમ, વહાલાં, પરમ, પુજ્ય, માતાપીતાજી, કે જેણે
મને બાળ બાગના છોડ સમ જાણી, જ્ઞાન જળ રેડી, પાળી
પોશી ઉછેરીને મોટો કીધો છે, અને જેઓ, તેને છોડીને
ફળ-પુલની અભિલાષામાંજ, ફળ-પુલ મેળવવાને
ભાગ્યશાળી થતાં પહેલાંજ, સ્વર્ગનાં અમૂલ્ય ફળ
પુલ મેળવતાં થયાં છે. આજે તેજ પાળી
પોશી ઉછેરેલો છોડ, પ્રભુ કૃપાથી,
જગતના બાળ-બાગમાં ફળ
પુલથી ઝુકી રહ્યો છે,
તે આપની પવિત્ર
યાદમાં આપને
ચરણે
આ,

બાળ બાગનાં બાળની રમતગમતને કાજ,
બાળ કાવ્યતરૂ પુલડાં અર્પુ પ્રીતે આજ,
તે,
પુષ્પાંજલી સુર-તાલની હું આત્માને અર્પણુ,
સ્વીકારજો આંનદથી આ કાવ્ય પીતૃ-તર્પણુ

આપનો
આભારી પુત્ર,
કાનજી કાલીદાસ જોશી.

સૂચના.

(દરેક શિક્ષકને વાંચવાની ખાસ જરૂર છે.)

૧

પહેલા વહેલાં આ ચોપડીમાં બાર સરગમ કસરત આપવામાં આવી છે, તે વડે જુદી જુદી જાતની નીચે પ્રમાણે બાર જાતની ડ્રીલ (કસરત) થાય છે.

૧. **કસરત**—Hands up કરીને બેઉ હાથો ઉંચાં કરી ખભા પર લાવવા.

૨. **કસરત**—Hands up કરીને જમણો ડાબો હાથ ઉપર નીચે લાવવો.

૩. **કસરત**—Hands front કરીને બેઉ હાથ, મૂઠી વાળી અંદર લેવાના.

૪. **કસરત**—Hands front કરીને ડાબો જમણો હાથ વારા ફરતી અંદર લેવો.

૫ **કસરત**—Stretch your hands કરીને બેઉ હાથ ખભા ઉપર લાવવા.

૬. **કસરત**—Stretch your hands કરીને ડાબો જમણો હાથ વારાફરતી ખભા ઉપર લાવવો.

૭. **કસરત**—Straight ઉભા રહી બેઉ હાથ ખભા ઉપર લાવી, ઉપર ઉંચા કરી, પાછા ખભા પર લાવીને ઉંચા કરી, સાથળ પર અફાળવા.

૮ **કસરત**—Stretch your hands કરી, ખભા ઉપર બેઉ હાથ લાવી, પાછા સીધા કરી, ફરીને ખભા ઉપર લાવી, ફેરવી, સાથળ પર અફાળવા.

૯. કસરત—એક હાથ કમર પર મૂકી. પગના આંગળાં ઉપર ઉભા રહી, ઉંચું થવુ; અને ફરીને નીચુ થવું.

૧૦. કસરત—Straight થઇ, ડાબો, જમણો હાથ વારા ફરતી ઊંચો કરવો અને નજર હાથનાં આંગળાં ઉપર રાખવી.

૧૧. કસરત—ડાબો ને જમણો બેઉ હાથ સાથે લઇ, પગ ખુલ્લા રાખી, અંદરની બાજુએ લોડાવીને ડાબી, જમણી બાજુ વારાફરતી લઈ જવા.

૧૨. કસરત—ડાબે હાથે જમણા હાથનો અંગુઠો પકડી, બેઉ હાથ જોડીને, બેઉ પકડેલા હાથ ઉંચા કરવા, પછી વાંકા વળી પગનાં આંગળાં સુધી બેઉ હાથ લાવવા, ફરીને ઉભા થઇ હાથ ઉંચા કરી, હાથ છોડી, સાથળ સાથે અફાળવા.

કવીક માર્ચ, ડબલ માર્ચ ને લગતાં ગાયનો.

સરગમ કસરત ૧૩મી માર્ચ અને ગાયન ૨, ૧૦, ૨૧ ને ૩૬ વડે અંગ્રેજી જુદી જુદી જાતની માર્ચ થાય છે

પ્રભુ પ્રાર્થના અથવા ખુદાની બંદગી.

ગાયન—૧, ૬, ૭, ૧૨, ૧૩, ૧૫, ૧૯, ૨૧, ૨૨, ને ૨૭ વડે હાથ જોડી પ્રભુની બંદગી કરવી.

GENERAL AGTION SONGS.

સામાન્ય જ્ઞાનને લગતાં હાવ ભાવ સાથનાં ગાયનો.

ગાયન—૨, ૪, ૫, ૧૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૪૦, ૪૧, ને ૪૬, વડે જોઈતા પદાર્થો સાથ (Action) હાવભાવ કરીને ગવાય છે.

નીતિ, શીખામણ, પદાર્થપાઠ, સૃષ્ટીજ્ઞાન, સામાન્ય જ્ઞાન ને લગતાં ગાયનો.

ગાયન-૩, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૭, ૧૮ ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૦, ૩૭, ૩૮, ૩૯, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ને ૪૮, વડે જુદી જુદી જાતનું ઉપર મુજબ જ્ઞાન મળે છે.

જુદી જુદી જાતની કસરત થઈ શકે તેવાં ગાયનો.

જે ગાયન ઉપર અંગ્રેજી રાગ આપેલા છે તે વડે જુદી જુદી જાતની (Drill) કસરત થઈ શકે છે.

મે પોલને લગનાં ગાયનો.

ગાયન-૧૮ ને ૪૨ વડે (મે પોલ) દોરી ગુંથવાની કસરત થાય છે.

રાજ ગીત.

સરગમ કસરત ૧૪ મી, છઠ્ઠા પાના ઉપર રાજગીતની સરગમ આપીછે, તે વડે "રક્ષદેવ શહેનશાહ" નું ગાયન ગવાય છે. ગાયન ૨૦ માં વડે બીજી રીતે કલ્યાણ રાગમાં રાજગીત ગવાય છે.

જુદી જુદી જાતના કારીગરો અને હથિયારો ને લગતું ગાયન.

ગાયન- ૪૧ વડે કારીગરો અને તેમના ઓજારો સાથે (Action) હાવ ભાવથી થાયછે. (આ ગાયન વખતે, જોઈતી ચીજો પ્રેકટીકલ બતાવવાની જરૂર છે.)

(DAIRY) દુઝાણાંને લગતું ગાયન.

બાળ ખેલ નામની રમતના ગાયનથી ડેરીને લગતું તમામ કામ હાવ ભાવ સાથે થાય છે. (આ ગાયનમાં જોઈતી ચીજો પ્રેકટીકલ બતાવવી જોઈએ.)

ત્રણ ઋતુને લગતો, બાળ પોપટનો સંવાદ.

દયાળુ બાળ દીલનાં ગાયનથી ત્રણ ઋતુને લગતું જ્ઞાન થાય છે અને પક્ષીઓ ઉપર બાળકો, દયા લાવતાં શીખેછે.

વાર્તારૂપી, રમુજી, બોધક ગાયનો.

'છ આંધળા' તથા 'આળસુ છોકરો' એ ગાયનથી. બાળકોને ગમત સાથે બોધ મળે છે.

હસાવનારાં બાળ રમુજ, FUNNY SONGS.

છેવટના ચાર પાના ઉપર બાળકોને ઠઠ્ઠા મશ્કરીના (Funny songs) રમુજી ગાયનો આપેલાં છે. તે વડે ગમત તથા જ્ઞાન મળેછે.

સરગમ કસરતમાં આવતી જુદી જુદી જાતની નિશાનીઓની સમજણ.

જે અક્ષરને માથે – આવી નિશાની હોય તેને ટીપના સુર સમજવા, જેને નીચે – આવી નિશાની હોય તેને ખરજના સુર સમજવા, જે અક્ષરની નીચે ૪, ૨, આવી નિશાની હોય તેની માત્રા ચાર. બે એમ અનુક્રમે જાણવી. જે અક્ષરની નીચે કંઇ પણ નીશાની ન હોય તો તેની એક માત્રા સમજવી,

કસરત કરવામાં એક તાલ ચાર માત્રાનો સમજવો. બે તાલ આઠ માત્રાનો સમજવો ત્રણ તાલ બાર માત્રાનો સમજવો.

હારમોન્યમ શીખાય.

આ ચોપડીમાં આપેલી પહેલી બાર સરગમો જે હારમોન્યમ ઉપર વગાડવાની ટેવ (Practice) રાખે તો થોડા વખતમાં હારમોન્યમ શીખાય છે.

સંગીત બાળ શિક્ષણ.

સરગમ કસરત ૧. એક તાલ. માત્રા ૪

સા	રી	ગ	મ	પ	ધ	ની	સાં
૪	૪	૪	૪	૪	૪	૪	૪
સાં	ની	ધ	પ	મ	ગ	રી	સા
૪	૪	૪	૪	૪	૪	૪	૪

સરગમ કસરત ૨ એક તાલ. માત્રા ૪.

સાસા	રીરી	ગગ	મમ	પપ	ધધ	નીની	સાંસાં
૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨
સાંસાં	નીની	ધધ	પપ	મમ	ગગ	રીરી	સાસા
૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨	૨ ૨

સરગમ કસરત ૩. એક તાલ માત્રા ૪.

સાસાસા	રીરીરી	ગગગ	મમમ	પપપ	ધધધ	નીનીની	સાંસાંસાં
૨	૨	૨	૨	૨	૨	૨	૨
સાંસાંસાં	નીનીની	ધધધ	પપપ	મમમ	ગગગ	રીરીરી	સા.માસા
૨	૨	૧	૨	૧	૨	૨	૨

સરગમ કસરત ૪ એક તાલ માત્રા ૪.

સાસાસાસા	રીરીરીરી	ગગગગ	મમમમ	પપપપ	ધધધધ	નીનીનીની	સાંસાંસાંસાં
સાંસાંસાંસાં	નીનીનીની	ધધધધ	પપપપ	મમમમ	ગગગગ	રીરીરીરી	સાસાસાસા

સરગમ કસરત ૫. એક તાલ માત્રા ૪.

સારીગ	રીગમ	ગમપ	મપધ	પધની	ધનીસાં
૨	૨	૨	૨	૨	૨
સાંનીધ	નીધપ	ધપમ	પમગ	મગરી	ગરીસા
૨	૨	૨	૨	૨	૨

સરગમ કસરત ૬. એક તાલ. માત્રા ૪.

સારીગમ	રીગમપ	ગમપધ	મપધની	પધનીસાં
સાંનીધપ	નીધપમ	ધપમગ	પમગરી	મગરીસા

સરગમ કસરત ૭ બે તાલ માત્રા ૪

સારીગમપ ૪	રીગમપધ ૪	ગમપધની ૪	મપધનીસાં ૪
સાંનીધપમ ૪	નીધપમગ ૪	ધપમગરી ૪	પમગરીસા ૪

સરગમ કસરત ૮ ત્રણ તાલ. માત્રા ૬.

સારીસારીગ ૨	રીગરીગમ ૨	ગમગમપ ૨	મપમપધ ૨	પધપધની ૨	ધનીધનીસાં ૨
સાંનીસાંનીધ ૨	નીધનીધપ ૨	ધપધપમ ૨	પમપમગ ૨	મગમગરી ૨	ગરીગરીસા ૨

સરગમ કસરત ૯ એક તાલ માત્રા ૪.

સાગ ૨ ૨	રીમ ૨ ૨	ગપ ૨ ૨	મધ ૨ ૨	પની ૨ ૨	ધસાં ૨ ૨
સાધ ૨ ૨	નીપ ૨ ૨	ધમ ૨ ૨	પગ ૨ ૨	મરી ૨ ૨	ગસા ૨ ૨

સરગમ કસરત ૧૦. બે તાલ. માત્રા ૮.

સારીસારીગમ ૨ ૨	રીગરીગમપ ૨ ૨	ગમગમપધ ૨ ૨	મપમપધની ૨ ૨	પધપધનીસાં ૨ ૨
સાંનીસાંનીધપ ૨ ૨	નીધનીધપમ ૨ ૨	ધપધપમગ ૨ ૨	પમપમગરી ૨ ૨	મગમગરીસા ૨ ૨

સરગમ કસરત ૧૧. બે તાલ. માત્રા ૮.

સારીગસારીગમ ૨	રીગમરીગમપ ૨	ગમપગમપધ ૨	મપધમપધની ૨	પધનીપધનીસાં ૨
સાંનીધસાંનીધપ ૨	નીધપનીધપમ ૨	ધપમધપમગ ૨	પમગપમગરી ૨	મગરીમગરીસા ૨

સરગમ કસરત ૧૨. ત્રણ તાલ. માત્રા ૨.

સારીગમસારીગમપ ૪	રીગમપરીગમપધ ૪	ગમપધગમપધની ૪	મપધનીમપધનીસાં ૪
સાંનીધપસાંનીધપમ ૪	નીધપમનીધપમગ ૪	ધપમગધપમગરે ૪	પમગરેપમગરેસા ૪

March માર્ચ.

સાગ ૨ ૨	સાગ ૨ ૨	સાગ ૨ ૨	મગરીસા
નીરી ૬ ૨	નીરી ૬ ૨	નીરી ૬ ૨	ગરીસાની̱
સાગ ૨ ૨	સાગ ૨ ૨	સારીગમ	પ ૪
મગરીસા	ગરીસાની̱	સાસાસા ૨	

રાજગીત.

એક તાલ. માત્રા ૩.

રક્ષ દેવ! શહેનશાહ.

સાસારી	નીસારી ૦ ।	ગગમ	ગરીસા ૦ ।	રીસાની	સા ૩
સારીગમ । । । ૦	પપપ	પમગ ૦ ।	મમમ	મગરી ૦ ।	ગમગરી । । । ૦
સાગમ ૦ ।		પધપમ ૦ । । ।		ગરીસા	

God Save The King.

ગાયન ૧. રાગ ભેરવ. તાલ દીપચંદી.

ઉઠી પ્રભાતે પ્રભુને નમુ છું;
પાઠો શીખીને ખુશીથી રમું છુ;
આખો દહાડો નિશાળે ભણુ છુ,
રાતે જમીને નીરાંતે ઉંઘુ છુ;

ગાયન ૨. રાગ ભેરવી. તાલ ત્રિતાલ.

ફરવા જાવું સવાર સાંજ,
ચોકખી હવા ખાવાને કાજ.
બની જોરાવર કસરતબાજ,
ભણી ગણીને રહો સુખ માંજ,

સા રી ગ મ પ ધ ની સા
સા ની ધ પ મ ગ રી સા

ગાયન ૩. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{2}{4}$

આવો બાળકો સૌ આમ, કક્કા ભણાવાનુ છે કામ.
ક, ખ, ગ, ઘ, ઙ, ભાઈ, ચ, છ, જ, ઝ, ઞ, જોડાય.
ટ, ઠ, ડ, ઢ, ણ, ગણાય, ત, થ, દ, ધ, ન, જણાય.
પ, ફ, બ, ભ, મ, ય, જાય, ર, લ, વ, શ, ષ, સ, થાય.
હ, ળ, ક્ષ, જ્ઞ, કક્કા ઉમંગે શીખાય.

ગાયન ૪. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{3}{4}$

જો કદી પડો, બા'દુર થઇ ખડો,
થા માણુસ વડો, ના કદી રડો.
જો વાગે દડો, ના કદી રડો,
શીખો આ ધડો, ના કદી રડો.

ગાયન ૫ રાગ ભેરવ. તાલ ત્રિતાલ.

કૂકડે કૂ કૂકડો બોલે,
કાગડા બોલે કા કા કા, ચલીયાં ચીં ચીં બોલે—કૂકડે૦
કૂતરો બોલે બાઉ બાઉ બાઉ, બીલ્લી બોલે મ્યાંઉ મ્યાંઉ મ્યાંઉ
ઉઠી સવારે ગાયન ગાઉ, પ્રભુજીને રીઝાવુ—કૂકડે કૂ૦

ગાયન ૬. રાગ અંગ્રેજી માર્ચ. ટાઇમ $\frac{6}{7}$

રૂડી સવાર સત્ય જો. ઉઠી પ્રભુજીને ભજો,
ભજન કરી મગન થજો, સદા સજજન સજો.

છે એક પરમેશ્વર;
દયાળુ છે ઈશ્વર;

દુનિયા મહિં તું એક છે, બીજું બધું અનેક છે
ઘણાંજ તુજ નામ છે, તોપણ તું એક છે.

ગાયન ૭ રાગ અંગ્રેજીમાર્ચ, ટાઇમ $\frac{3}{4}$

ઉઠી સવારે બાળકો પ્રભુ ભજન કરે;
શીખી પોતાના પાઠ સૌ રમત ગમત કરે;

હરે ફરે ઉમંગમાં
જણાય જોર અંગમાં,

રમે ભમે, માબાપને ગમે.—ઉઠી

ગાયન ૮. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{4}{4}$

દમડી થાયે બમણી, અડધી તે કે'વાય;
અડધી થાયે બમણી, તો દુકાની થઇ જાય
પૈસા, પૈસા, પૈસા, તારી ત્રણ અડધી લેવાય,
પૈસા, પૈસા, પૈસા, તારી છ દમડી કહેવાય.

ગાયન ૯. રાગ. અંગ્રેજી. ટાઇમ $\frac{4}{4}$

ઝીણાં ઝીણાં ચાંદરડાં, હીરા જેવાં ચળકે,
રમે ભમે સાથે, ગોળ ગોળ ઝળકે,
જુઓ જાણે દીવા, દીવાળીના જબકે,
રમવા આવો ચાંદરડાં. ઝટ ઝટ પટ.

ગાયન ૧૦. રાગ અંગ્રેજી માર્ચ. ટાઇમ $\frac{6}{8}$

હળતાં મળતાં રમતાં સૌ બાળક આવો કસરત કરવાને,
હસતાં હસતાં ચાલો સૌ સાથે ગમત કરવાને.

આમ આવોને સાથે,
ધીમે ચાલો સંગાથે,

સંગે રહીને કસરત કરતાં સો ચાલો ફરવાને.

ગાયન ૧૧. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{4}{4}$

નાના નાના બાળકો આમ આવોની, હું તમને શીખવું A, B, C.
A, B, C, D, E, F, G, H, I, J, K, L, M, N, O, P
L, M, N, O, P, Q, R, S, T, U, V, W, X, Y, Z, જી.

ગાયન ૧૨. રાગ—બિહાગ. તાલ ત્રિતાલ.

સમજ તુ સરગમ, પ્રભુજીના ગુણ ગીત
હરદમ યાદ કરે તોજ સુખ પામે અગણીત.—ટેક

સાખી

હુંભજન કર સમજ મન, કર કસરત હરદમ.
અરસપરસ મન મગન કર, સમજ સરસ સરગમ —સ
હજરત અમપર નજર કર, બક્ષ મગજ નવતર.
નજર કર અમ અદબ પર, સપૂળજ કર ભણુતર.—સમજ.

ગાયન ૧૩. રાગ કેદાર. તાલ દાદરો.

તુ પાક પરવર દીગાર સરજનહાર,
સઉ બાળકો નમીએ તુજને સાંજ સવાર.—ટેક
જગતપાળ, હે કૃપાળ, પાપ સઘળાં મુજ ટાળ.
જોડી હાથ, વદે બાળ, શાન્તી આપ, દીન દયાળ—

ગાયન ૧૪. રાગ ખમાચ. તાલ દાદરો.

ખુદાને સાચ બહુ ગમે, સાચુ સદા બોલો તમે,
સાચો સુખે રમે ભમે, જુઠું ન બોલો કો સમે;
જુઠું જે બોલે એક વાર, વદે તે સાચું બીજી વાર,
તોપણ મનાય નહિ લગાર, થશે બેઆબરૂ અપાર.

ગાયન ૧૫. રાગ ઝીંઝોટી. તાલ દીપચંદી.

શેર

પ્રભુને યાદ કરો હરદમ.
ઉમગે ગાઓ સઉ સરગમ
અહો! દેવના દેવ તુ છે દયાળુ.
કૃપાનાથ! કરૂણા કરો હે કૃપાળુ.—અહો.
કરોને દયાળુ ક્ષમા પાપ મારાં;
નમે બાળકો હાથ જોડી તમારાં.—અહો

ગાયન ૧૬. રાગ કલ્યાણ. તાલ ત્રિતાલ.

ભણજો સૌ વિદ્યા ભાવથી, ઉમગે વિદ્યા આવતી,
ભણે ગણે તો પંડિત થાયે, સુબુદ્ધિ નીતિ રીતી આવતી.-ટેક

સાખી

ચતુર બાળ સૌ સાંભળો, ધરો શીખામણ ઉર,
વિદ્યા અમૃત ચાખવા, કરજો ખત જરૂર—ભણે ગણે.
વિદ્યા હીણ જે માનવી, પશુ તુલ્ય ગણાય
ભણે પણ જે નહીં ગણે, મૂરખ તે સમજાય —ભણે ગણે.

ગાયન ૧૭. રાગ અંગ્રેજી ટાઇમ $\frac{2}{4}$

કામ કરો તો કામ કરો, રમતી વેળા હરો ફરો,
ભણતી વખતે પાઠ કરો, તેમ કરે તે બા'દુર ખરો
જે બે કામો સાથે કરે, તો નહિ એકે કામ સરે;
કામ કરવા જે આળસ કરે, તે મૂરખનો રાજા ઠરે.

સાખી

આળસ જો કરશો તમો, તો નહિ સરશે કામ,
ભણો ગણો મન રાખીને, શોભાવો નિજ નામ.

ગાયન ૧૮. રાગ ગરબી.

રવી રજાનો દિન, રમત કરીએરે;
સોમ ચદ્રનો વાર, દર્શન કરીએરે;
મગળે મગળ થાય, નિશાળે જઈએરે,
બુધ્ધે બુદ્ધિ વધાર, શીખી ઉમગેરે.
ગુરૂ ગુરૂજીને પાય લાગી ભણીએરે,
શુક્ર શીખામણ લઇ, માબાપને નમીએરે.
શની છે અરધો દીન, ભણી ઘેર જઈએરે,
કહું સુણ સાચું 'કાન', પ્રભુને ભજીએરે.

ગાયન ૧૯. રાગ બિહાગ. તાલ દાદરો.

વદુંનાથ, જોડી હાથ, દીનદયાળ ગૃહોને હાથ;
અતિ આપના આભાર, સકળ સૃષ્ટી સરજનાર,—હું.
વિધ વિધ પ્રાણીને સુખ, કોને નથી કાંઇ દુઃખ,
એતો આપનો પ્રતાપ, કષ્ટ સૌના તુજ કાપ.—હું.
ગગન ભુમીને પાતાળ, સૂરજ ચંદ્રની સભાળ,
કરતો સર્વની તું એક, નામ તુજ છે અનેક.—હું.
પશુ પખી પ્રાણી ઝાડ, નદી સમુદ્રને પહાડ,
પવન શીતળ પાણી આપ, સકળ પ્રાણીનાં માબાપ—હું.

ગાયન ૨૦. રાગ કલ્યાણ. તાલ દાદરો.

રક્ષ દેવ શહેનશાહ, ભારત ભૂમીના ભૂપાળ.
જોડી હાથ વંદે બાળ. કરૂણા કરો હે ! કૃપાળ.—રક્ષ.

ગાયન ૨૧. રાગ માલકોષ. તાલ દીપચંદી.

પ્રભુ તું અમારો છે એક આધાર,
અમે બાળ વંદીએ સૌ ઓ નીરાકાર—પ્રભુ.
તું સર્વ દુનિયાનો સરજનહાર,
પશુ પખી પ્રાણીનો પાલનહાર—પ્રભુ.
સૂરજ, ચદ્ર, તારા, ગગનમાં અપાર,
વાદળ વાયુ વરસાદનો તું આધાર—પ્રભુ.
ફૂળો, ફુલ ઝાડો, પહાડો મેદાન,
નદી, નાળાં, દરિયામાં, તુ છે નિદાન.—પ્રભુ.

ગાયન ૨૧. અંગ્રેજી ટાઇમ $\frac{4}{4}$

કસરત કરવા સૌ ચાલો ફરો,
જોડી પગ છાતી હાથોને સ્થીર કરો —કસરત
ઉભા રહો હારો હાર કરી,
પગ જોડી આગળ ખુલ્લા કરી,
જમણી બાજુ તમે જાઓ ફરી,
ડાબી બાજુ ગમ પાછા વળી.
સા, રી, ગ, મ, પ, ધ, ની, સા,
સા, ની, ધ, પ, મ, ગ, રી, સા.—કસરત.

ગાયન ૨૨ રાગ યમન કલ્યાણ. તાલ ધ્રૃપદ.

જગમાં તારી છાયા છાઇ હરીયાળી.
તુજ વ્યાપી રહ્યા સર્વ ઠામમાં—૨
જળથળમાં, હરપળમાં, ભવપડમાં—જગમાં.

દાદરે.

નીચે જોઉં તો પૃથ્વી પાતાળ માંહે તું,
ઉપર જોઉં તો ગગન મંડળમાં રહેલ તું,
ચારે દિશા ફરી વળું ખુણામાંહેજ તું,
જ્યાંજ્યાં જોઉં ત્યાંત્યાં ભાળું, તુંહી તુંહી બસ તું.—તુંજ

ગાયન ૨૩. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{4}{4}$

ચાલો સૌ બાળ, ઉમંગે નિશાળે સર્વ ભણવાને,
પાટી ને પેન, ચોપડી કોથળો ઝાલો સંભાળીને—ચાલો.

ભણતાં ભણતાં પંડિત થાયે,
લખતાં લખતાં લહિયો થાય,
વાંચે વેદ વકીલો થાયે,
સોલીસીટર બી. એ. એમ. એ. થાય.

નિયમસર હાજરીવાળો, નંબર પહેલોજ રાખીને,
ભણી પોતે ભણાવે તે, મોનીટર કલાસનો થઇને.

ભણતાં ભણતાં પંડિત થાયે,
લખતાં લખતાં લહિયો થાય.
વાંચે વેદ વકીલો થાયે,
સોલીસીટર બી. એ. એમ. એ. થાય.

મસ્તી તોફાન ન કરતાં ભણો ગણો ધ્યાન રાખીને
પાઠે કરવા રાખો યાદી, ગુરૂની શિક્ષા માનીને-ભણતાં.

ગાયન ૨૪. રાગ જીલ્લા તાલ દાદરો.

એકજ હેતુ ભલાઇ કરી, સદાચરણમાં હરી ફરી.
પરોપકારી આ સંસારમાં, ખરચી પૈસા પરમારથમાં,
લેજે દુખિયાનાં દુઃખ હરી—સદા.
દિલ સચ્ચાઇનો નેહ લાગાવો, સાચ વદીને જુઠ હઠાવો,
ડરી પ્રભુથી મનમાં જરી—સદા
હાથ જોડી એક ચિત્ત થાતું, નિત નિત ઉમંગે ગાતું,
ઇશ્વરના ગુણે ભાવ ધરી—સદા.

ગાયન ૨૫. રાગ બિહાગ. તાલ ત્રિતાલ.

વિદ્યા ભણી લો વિવેક વધારી,
બાળ ફરજ એ સાચી તમારી.
માન આપો માબાપને પે'લું, બીજું કરવું ગુરૂજીનું કહેલુ.
ત્રીજુ મોટાઓને માન દીધેલુ, વિવેકી નામ તમારૂ કરેલુ.
તેમાં હૃદય સ્નેહી સૌનુ રહેલુ—વિદ્યા.

ગાયન ૨૬. રાગ અંગ્રેજી માર્ચ. ટાઇમ $\frac{4}{4}$

સલામ, સલામ, સલામ, કરો બાળકો સલામ.
મોટાને માન આપવા, અદબ અને સલામ—સલામ.
માન આપવા ઘર આગળ તો, સાહેબજી સલામ,
પારસી મુસલમાનોની છે, એ રીતી કલામ—સલામ.

હાંથ જોડી નમાવે માથું, હિંદુ કરે પ્રણામ,
જુહાર, નમસ્કાર બોલે મુખથી, વળતી વદે રામ રામ—સલામ.
ગુડબાઇ, ગુડ મોરનીંગ ને ગુડનુંન, ગુડઈવનીંગ ગુડનાઇટ,
ટોપી ઉતારી ઇંગ્લીશ બોલે, શેકયુ શેકહેન્ડ રાઇટ—સલામ
માસ્તર, હેડમાસ્તર, કોઈ મોટા, આવે કલાસની માંય.
ઉભા થઇને માન આપવુ, સલામ એ કહેવાય—સલામ.

ગાયન ૨૭. રાગ હમીર. તાલ ત્રિતાલ

પ્રભુમય જગત નિહાળુ
જ્યાં દેખું ત્યાં તુંહિ તુહિ ભાળું
(ભલે) હોય અંધારૂ કાળુ—પ્રભૂમય.

ઝાડ પાન પુલ ફળ રસવાળુ
જન પશુ પખીમાં તુહિ ભાળુ
છે સર્વમાં તુજ અજવાળુ—પ્રભુમય

કણી મૂકવા ઠામ ન ઠાલું
સર્વ સ્થળે તુજ રૂપ રસાળુ,
હૃદય ભર્યું ઓ દયાળુ—પ્રભુમય

અંદર બાહેર ઉપર નીચે
આસપાસ તુજ આભાસ વાળુ
ગાઉ ગીત તુજ ગુણવાળું—પ્રભુમય

ગાયન ૨૮. રાગ જીલ્લા. ઝીંઝોટી. ગજલ.

દુનિયામાં કોઈ નેકી કરી નેક થનારો,
બદી કરી બદ ફેલમાં, બદનામી થનારો,—ટેક

વાવે જેવું લણે તેવું, દુનિયાંનો એ ધારો.
બાવળના બીયાં વાવીએ, આંબો ન થનારો.—દુનિયામાં.
સાકર દીએ સાકર મળે. નક્કી મનમાં વિચારો.
દઇ ઝેર લેવુ ઝેર તેમાં નથી કંઇ ઉધારો.—દુનિયામાં.
માતા પીતા ગુરૂની શિક્ષા મનમાં ઉતારો,
મન ખેતમાં બી નેકથી, ફળ નેક ઉતારો —દુનિયામાં.
હરદમ પ્રભુની બંદગી, દયા દાન કરનારો
કહે 'કાન' સુણો ભાઇ,એ નેકીના પુકારો --દુનિયામાં

ગાયન ૨૯. રાગ જંગલો. તાલ દાદરો.

પીતાજી, પીતાજી, તમારો આભાર,
નગુણો થઇ ભુલુ કેમ તમ ઉપકાર?—ટેક.
ઉછેરી મને આપે મોટો કીધો,
ભણાવી ગણાવી બોધ સારો દીધો,
બતાવ્યો તમે અમને રસ્તો સીધો,
ઓ! પપ્પા, ઓ! બાવા, ઓ! બાપા, આવાર,
નગુણો થઇ ભુલું કેમ તમ ઉપકાર?—પીતાજી.

ગાયન ૩૦. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{4}{4}$

વરસ એકના મહિના બાર,
મહિને અઠવાડીઆં છે ચાર.
બે પખવાડીએ મહિનો થાય,
ત્રીસ દિનનો માસ ગણાય.
કાર્તક, માગશર, પોષ ને મહા,
મહિના ચાર શિયાળામાં.

ફાગણ, ચૈત્ર, વૈશાખ ને જેઠ,
આવ્યો ગરમ ઉનાળો શેઠ.
અશાડ, શ્રાવણ, ભાદરવા'સો,
મેહુલો વરસે છે ખાસો.
બાર માસની થઇ ઋતુ ત્રણ,
શિયાળો ઉનાળો ચોમાસુ ગણ.

ગાયન ૩૧. રાગ અંગ્રેજી. ટાઇમ ૬/૮

જુઓ સૂરજ ઉગે પેલો, આગના ગોળા જેવો,
આકાશમાં સવારે, પુર્વ દિશાએ
ધીમે ધીમે ઉપર ચઢે, બપોરે માથા પર અડે,
આથમતો સાંજે, તે દિશા પશ્ચિમ છે.
વન, ટુ. સુરજ સામા ઉભા રહો,
લેફ્ટ, હેન્ડ, કર ડાબો સીધો કરો,
ડાબે હાથે જે દિશા, તે ઉત્તર તરફ વળો.
રાઇટ, ટર્ન, પૂર્વ દિશે મોં કરો,
રાઇટ, હેન્ડ, જમણો કર સીધો કરો,
દક્ષિણ દીશા કે'વાય, તે તરફ તમે વળો.
વન, ટુ, બે બેની હારે કરો,
થ્રી, ફોર, ગોળ કુંડાળામાં ફરો,
દિશાઓ પારખી હવે જગે બેસી જાઓ.

ગાયન ૩૨. રાગ અંગ્રેજી. ટાઇમ ૨/૪

નાના નાના છોડો ઊગેછે, ઊગેછે,
લાલ ગુલાબો ને મોગરા ડોલે છે.

નાના નાના છોડો શાન્તીમાં સુતાંછે,
હુપૂ પૃથ્વી માતા નિરંતર આપેછે,
ઠંડો ઠંડો વાયુ વાયછે, વાયછે.
નાના ફુલો ઊંઘમાંથી ઉઠીને જાગેછે.
નાના નાના છોડો ઉગેછે, ઉગેછે.
ભોંયમાથી કુંપળો નાનાં નાનાં નીકળે છે.
મેહુલો વરસી તડકો આવેછે, આવેછે,
સુંગધી નાના નાના ગુલાબો આપેછે,
નાના નાના છોડો હાલેછે હાલેછે.
તેને નાની ડાળીઓ હેતેથી ઝુલાવેછે.

ગાયન ૩૩. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{6}{8}$

ચાલો આવો કરવા ખેલ આગગાડીનો સઉ,
સીધા ઉભા રહી સાથે ડબ્બા જોડીને સઉ.
સીટી વાગે સીટ, સીટ,
ઉભી રેશે નહિ મીનીટ,
વાવટો લઇ ગાર્ડ માસ્તર આપે હુકમ, વન, ટુ, થ્રી.
છુક છુક છુક છુક ચાલી ગાડી,
એન્જીન જોડેલુ અગાડી,
આ પેલી સીગનલ પાડી,
સ્ટેશન પર આવી આડી,
ચાલો, ચાલો, ભાઇ બેસો ગાડીમાં જલદી તમે,
મેવા વાળા, ચીવડાવાળા, મજુરો તો ભમે.

જામે જમશેદ, એક આનો.
ટાઇમ્સ ઓફ ઇન્ડીયા, એક આનો.
પાન સોપારી, ભજીયા ગાંઠીયાં, છે આ હલવો માહીમનો.
છુક. છુક.

ગાયન ૩૪ રાગ અંગ્રેજી. ટાઇમ ૄ

કરો કસરત હમેશાં જો, રહો સુખી શરીરે તો.
ફરો ખુલ્લી હવામાં જો, રહો સુખી શરીરે તો
સાંજ સવારે ફરવા જાઓ, જો દરિયા કિનારે બા'ર,
તનમનની કેળવણી કસરત, કરવા થાઓ સૌ તૈયાર.
મશો ખુશી, રહો સુખી, છોડી સુસ્તી સુધારો વાન,
વધે યાદી દીલે શાદી, મળે ગાદી કહે છે 'કાન'
સાંજ સવારે ફરવા જાઓ, જો દરિયા કિનારે બા'ર,
તનમનની કેલવણી કસરત, કરવા થાઓ સૌ તૈયાર.

ગાયન ૩૫. રાગ લાફીંગ સોંગનો.

જો દિવાદાંડી ઉભી, તોફાની દરિયા માંય,
ઢકાયેલા ખડકોની, માથે ઉભી જણાય.
મથાળે ફરતો દિવો, મુકેલો તો દેખાય,
અજવાળું આપી રાતે, ઉપયોગી સૌને થાય.—૧
વા'ણો આગબોટો હોડી, દુર જાઓ સૌ ફોડી,
ટંડેલો ખલાસી, ન દો સુકાનો છોડી.
સભાળો દુર ચાલીને, ત્યાં ખડકો છે થોડી,
દિવાદાંડી જો ન હોત, તો નાખત તોડી ફોડી.—૨

ગયન ૩૬. રાગ અંગ્રેજી. ટાઇમ ક્વીક માર્ચ.

ડાબો જમણો પગ સરખો મુકી,
ચાલો સૌ થાઓ તૈયાર,
હરતાં ફરતાં ન જાઓ ચુકી,
પોત પોતાની હાર.
કસરત કરીને હાથ પગો ચપલાઇથી હરતા ફરતા,
રમતાં ભમતાં બનતાં બાળક સૌ બા'દુરને હુશિયાર
લેફ્ટ, રાઇટ, લેફ્ટ, રાઇટ, વન, ટુ,
લેફ્ટ, રાઇટ, લેફ્ટ, રાઇટ, વન, ટુ, થ્રી, ફોર
ડાબો ને જમણો એક, બે,
ડાબો ને જમણો, એક, બે, ત્રણ, ચાર.

ગાયન ૩૭. રાગ અંગ્રેજી. ટાઇમ ¾

જાન્યુઆરી., ફેબ્રુઆરી, માર્ચ, એપ્રીલ,
મે, જુન, જુલાઇ, આગસ્ટની ઢીલ,
સપટેમ્બર પછી અકટોબર,
નવેમ્બર ને વળી ડીસેમ્બર.
ચાર, છ, નવ, અગ્યાર, માસે,
ત્રીસ દિવસ ગણતાં થાશે.
બીજે બધે દિન એકત્રીસ,
ફે બ્રુ આ રી ના અઠાવીસ;
દર ચાર વરસે પાડે ચીસ,
ફેબ્રુઆરી તો ઓગણત્રીસ.

ગાયન ૩૮. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{4}{4}$

સન્ડે રવી, ને મન્ડે શોમ.
ટયુઝડેને કહે મગળ ભોમ.
વેન્સડે બુધવાર લેખાય,
ગુરૂ થર્સડે બ્રેસ્પત પેખાય
જુમા ફ્રાઇડે શુક્રવાર,
સેટરડે એટલે શનીવાર.

ગાયન ૩૯. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{4}{4}$

ઇસ્ટ પુર્વ ને વેસ્ટ પશ્ચિમ,
નોર્થ ઉત્તર ને સાઉથ દક્ષિણ
નોર્થ ઇસ્ટ ખુણો છે ઇશાન,
નોર્થ વેસ્ટ તે વાયવ્ય જાણ.
સાઉથ વેસ્ટ તે નૈઋત્ય પ્રમાણ,
સાઉથ ઇસ્ટ તે અગ્નિ તું માન.

ગાયન ૪૦. રાગ અંગ્રેજી. ટાઇમ $\frac{4}{4}$

ચાલો ભાઇઓ જંગલનાં સો જાનવરો જોવા.
પીંજરમાં પુરેલાં છે તો ધારતી રાખો નાં,
સિંહ, વાઘ, ચિત્તો, દીપડો, શિયાળ, વરૂ છે આ,
રીંછ, લોંકડી, જંગલી પાડો, હાથી ઉભો આ,
જંગલનો રાજા થઇને સિંહરાજ ઉભો વચ્ચે,
બાકીનાં સો હજુરી ઉભા કુદે નાચે.—૨.
હાથી સુંઢ ફેરવતો ચાલે, ઝાડ ડાળીઓ તોડે
આંણીયાળા દાંતવાળા, વિકાળ વાઘ દોડે.—જંગલનો.

ગાયન ૪૧. રાગ ધનાશ્રી તાલ લાવણી

રમવા સૌ બાળક આવો,
કારીગર સો બની જાઓ.
હુન્નરની કળા ખીલાવો,
સો બાળ બાગમાં આવો--ટેક.

સુતાર—સુતાર બની હું ચાલુ. કરવતી કુહાડો જાલું,
ખુરસી ટેબલ ખંડવાળુ, લાકડામાંથી હું બનાવુ,
ફરસી એ કાણાં પાડુ, વાંસલે લાકડુ સમારૂ,
પાલીશ હુ રદે બનાવુ.——સુતાર.

લુહાર—હું લુહાર લોઢુ તોડી, ખીલા નકુચા જોડી.
સાંઢસીએ રાખું પકડી, ધગધગાવી મારૂં હથોડી,
કરૂ ઘાટ, લોઢાનોકાટ, લોકોને માટ, મેંનત દીન
રાત, મજુરી થોડી—હુ લુહાર.

સોની—સોની ખરો હું શાણો, સોને રૂપે વખણાણો
દાગીના ઘરેણાં જાણો, મુંજથકી તમે સો માણો,
સોના રૂપાના ઘાટ, ઘડુ ભલીભાત, લોકોને માટ,
શોભાવુ ઠાઠ, દુનિયામાં હું પુરાણો—સોની.

કંસારો—હું બનું કનુ કસારો તાંબા પીત્તળમાં મારો
ઘડાવાનો ધધો સારો, વળી વાસણ બનાવનારો,
લોટા લોટી ને થાળ, તપેલી વિશાળ બનાવું ઢાળ,
તવેથો ઝારો—હુ બનું.

દરજી—દરજી કપડા સીવનારો, સો, ગજ, કાતર ને દોરો,
સીવું હુ ડગલો તમારો, કોટ પાટલુન વેતરનારો,
કુડતાં બનાવુ સારાં, ચોળી પોલકાં ઘાઘરા,
હું કરતો બહુ સુધારો.—દરજી.

ધોબી—ધોબી થઇ લુગડાં ધોતો, નદી ઘાટ તળાવે જાતો,
કપડાં ધોઇ સુકવતો, ઘડી વાળી ઇસ્ત્રી કરતો,
ભઠ્ઠીમાં કપડાં નાંખી, સંભાળ ધોતાં રાખી,
સાબુ સોડા લઇ જાતો.—ધોબી.

મોચી—હલકો પણ મોચી હું છુ, ચામડામાંથી સીવું છું,
બુટ સપાટ જોડા કરૂં છુ, આરી, સો, દોરે સીવું છું,
ગાય ભેંસ જનાવર મરતાં, તેનાં ચામડાં તો બનતાં,
પાલીસે રંગીને કરૂં છું—હલકો

પીંજારો-હું બનું રૂનો પીંજારો, પીંજણું, ધોકો, હથીયારો,
ગોદડી ગાદલાં ભરનારો, રૂ પીંજવાનો મુજ ધારો,
ખેતરમાં ઉગે કપાસ, બી કાઢી લાવે મુજપાસ,
તમ માટ પીંજીને ખાસ, કરૂં ઉપકારો—હું બનુ.

રંગારો-હું બનું રંગી રંગારો, નવરંગી રંગ કરનારો,
રેશમી કપડાં રંગનારો, ઉન સુતરના રંગુ તારો,
ઘણા તરેહનાં રંગ થાય, કાપડ રંગાય,
લોકો હરખાય, કપડા સૌના રંગનારો.—હું બનું.

ખેડુત—ખેડુત બની હળખેડુ, હળથી ખેતર હું ખેડું,
બે બળદો હળને જોડુ, સાંજ પડતાં બળદો છોડું,
ભોંય ખેડી પોચી થાય, વરસાદે વવાય,
અન્ન સો થાય, તમ માટે ખેતર ખેડું.-ખેડુત.

ગાયન ૪૨. રાગ સરગમ.

રવો આવ્યો રવીવારે, સારીસારીસારીગમપ.
સરી પડયો સોમવારે, રીગરીગરીગમમપધ.
માંદો પડયો મંગળવારે, ગ મગમ ગમ પધની

બુમો પાડી બુધવારે, મપમપમપધનીસા.
ભારી એને ભેસ્પતવારે, સાનીસાનીસાનીધપમ.
શુદ્ધિ ગઇ શુક્રવારે, નીધનીધની ધપમગ
સ્વર્ગે ગયો શનીવારે, ધપધપધપમગરે.
પાછો આવ્યો આતવારે, પમપમપમગરેસા.

ગાયન ૪૩. રાગ અંગ્રેજી.

એક બે, લાડુ દે,
ત્રણ ચાર ન કર વાર,
પાંચ છ સાત, કર નહિ વાત.
આઠ નવ દશ, હવે કર બસ.
અગીઆર ને બાર, સૌ થાઓ તયાર.
તેર ચૌદ પંદર, તમો આવો અંદર.
સોલ ને સત્તર, લો હવે દફ્તર
અઢાર ઓગણીસ, ઘરે જાઓ ગણી વીસ.

ગાયન. ૪૪ રાગ અંગ્રેજી.

આવે આવે રે વરસાદ, લાવે લાવે રે પરસાદ,
કરે વીજળી ચળકાટ, ઘણો થાય ગડગડાટ.
રથ વાદળ તેના થાય, પવન ઘોડા સમ જણાય.
પાણી-ગાડી ચાલી જાય, કાદવ પથરા બેસી જાય.
નદી દરિયે જઇ અથડાય, દેખી બાળક બહુ હરખાય.

ગાયન ૪૫. રાગ યમન કલ્યાણ.

ભાઇ શીખામણ શીખી સારી, રીત ભાત તજવી નઠારી
ભણી ગણી લઇ નીતિ રાખ, વડીલ સાથ વિનયથી ભાખ,

ગાયન ૪૬. રાગ અંગ્રેજી.

પેલી શઢવાળી છે હોડી,
જુઓને આવે છે દોડી.
મોજા દરિયાના અથડાય,
તેથી તે બહુ ઝોકા ખાય.
પવન ફુકાયે શઢનીમાંય.
જલદી જલદી હોડી જાય.
ખલાસીઓ નાંખે લંગર.
શોભાવે દેખી બંદર.

ગાયન ૪૭. રાગ શંકરા ભરણ. (દોહરો)

સૂર્ય સવારે ઉગીને, સાંજે આથમી જાય,
એક ભાઇ રાતે ઉગે, ચાંદલીયો કેવાય
સૂરજની ગરમી ઘણી, થતાં બપોર જણાય,
પશું પંખીને માંણસો, છાંયે બેસી જાય.
સંપ કર્યો બને જણે, રહે આકાશની માંય,
ચાંદરડાં સાથે ફરે, બાળ જોઈ હરખાય.

ગાયન ૪૮. રાગ અંગ્રેજી

લખતાં લખતાં મે'તો થાય,
ભણતાં ભણતાં પડિત થાય,
ગણતાં ગણતાં ગુણી ગણાય,
પરીક્ષામાં વાંચે પાસ થાય.

વાંકાં બેસતાં વાંકાં થાય,
સીધાં બેસતા સીધુ લખાય.
જો લખતાં ન ડાઘ પડાય.
તે અક્ષર સારા કહેવાય

છ આંધળાઓની વાત.

રાગ ભેરવી.

છ આધળા વિચારે એમ, હાથી અમારે જોવો કેમ.
સૌ જણુ ચાલ્યા જોવા એમ, ગયા હાથીની પાસે તેમ
એક પાસ હાથીની ગયો,
હાથ પેટ ઉપર ફેરવ્યો,
જોઈ મોટું પેટ બોલી રહ્યો,
ભીત જેવડો તે હાથી કહ્યો—છ.

૨

બીજો આંધળો જોવા જાય, દાંત તરફ તે ચાલી જાય.
દાંત પકડીને કહેતો જાય, હાથી ભાલો જેવો થાય.
ત્રીજો હવે જાય જોવાને,
શૂંઢ હાથમાં પકડીને,
અજગર જેવો જાણીને,
તેવો કહો તે હાથીને—છ.

૩

ગયો ચોથો જોવા માટે, પગ પકડી જુએ હાથે
ઝાડ સમ કહે હાથી તે, જોઇ જોઇને બહુ ખાટે,

ગયો પાંચમો રાખી ધ્યાન
પકડીને હાથીના કાન.
કહ્યો હાથી તેણે શું? તું જાણ.
બહુ મોટા સુપડા સમાન.

૪

છઠ્ઠો છેલ્લો જોવા જાય, પુછડી પકડીને હરખાય,
ખુશી થઇને કે તો જાય, દોરડા જેવો હાથી થાય,
છ આંધળાઓ લડી પડયા,
લડી મારામારી પર ચઢયા,
દેખતા માણસ વચમા પડયા,
સૌ આંધળાને છુટા કર્યાં.

૫

છો સૌ સુણો તમે ખરા, આંખવિના ખોટા પણ ખરા,
જેવું જોયું તેવા ઠર્યાં, તમારો વાક ન તેમાં જરા
તપાસ કરી જોવાની ટેવ,
રાખે તેને જાણો દેવ.

બાળ ખેલ.

૧

આવી રીતે આવી રીતે ખડ નીરીએ.
હાથમાં ઘાસ પુળીઓ લઇએ
આવી રીતે આવી રીતે ખડ નીરીએ.
ખડ નીરતાં અમે સૌ શીખીએ.

ઘાસ ખવડાવવું

૨

આવી રીતે આવી રીતે ગાય દોહીએ,
એ પગમાં તાંબડી મુકીએ.
ગાય દોહવી. આવી રીતે આવી રીતે ગાય દોહીએ,
ગાય દોતાં અમે સો શીખીએ.

૩

આવી રીતે આમ દૂધ ઉકાળીએ,
ભરી દૂધ દોણી ચુલે મુકીએ.
ગરમ દૂધ કરવું. આવી રીતે આમ દૂધ ઉકાળીએ,
ગરમ દૂધ કરતાં અમે શીખીએ.

૪

આવી રીતે આમ દહીં મેળવીએ.
દહીં કરવું. દૂધમાં છાશ થોડી ભેળવીએ.
આવી રીતે આમ દહીં મેળવીએ,
દહીં મેળવતાં સો શીખીએ.

૫

આંવી રીતે આવી રીતે છાશ કરીએ,
રવૈ ગોળીમા ફેરવીએ.
છાશ કરવી. આવી રીતે આવી રીતે છાશ કરીએ,
છાશ કરતા અમે સો શીખીએ.

૬

	આવી રીતે આવી રીતે માંખણ કાઢીએ,
માંખણ	ગંજીઆમાં ઉપરનાં ફીણ ભરીએ.
કરવું.	આવી રીતે આવી રીતે માંખણ કાઢીએ,
	માંખણ કાઢતાં અમે સૌ શીખીએ.

૭

	આવી રીતે આવી રીતે ઘી કરીએ,
ઘી કરવુ	તાવણુમાં માંખણ ઉનું કરીએ.
	આવી રીતે આવી રીતં ઘી કરીએ,
	ઘી તાવતાં અમે સૌ શીખીએ.

આંળસુ છોકરો.

૧

આળસુ અમથો રમતો જાય. રસ્તે કીડીબાઇને પુછતો જાય.
કીડી બાઈ આવો આપણે રમીએ, નકામાં કામકાજ શુ કરીએ?
કીડીબાઇ કહે સુણો અમથાભાઇ. અમારે રમવુ પાલવે નહી.
બચ્ચાંને ખવરાઉં કણ લઇ જઇ, કણ એકઠા કરૂ દરમાં જઇ.

૨

ત્યાંથી અમથાભાઇ ચાલતા થાય, મધમાખીને પુછતા જાય.
માંખીબાઈ આવો આપણે રમીએ, નકામાં કામકાજ શું કરીએ?
માખીબાઇ કહે સુણો અમથાભાઈ, અમારે રમવું પાલવે નહીં.
મધ ચુસી હુ ફુલોનું લઈ, મુકું તમ માટ મધપુડે જઇ.

૩

ત્યાંથી અમથો આગળ જાય. કરોળીઆને પુછતો જાય
ભાઇ કરોળીઆ આવો રમવા, નકામી મે'નત કરો શું કરવા?
કરોળીઓ કહે અમથાભાઇ, અમારે રમવુ પાલવે નહી.
તાતણુંથી ઝાળામાં કારીગરી. રાખુ શિકાર માટે તૈયાર કરી

૪

નિરાશ થઇ ચાલ્યા અમથાભાઇ. મળ્યોતેને એક ભમરો ભાઇ.
ભાઈભમરા તમે આવો રમવા.નકામી બુમો પાડો શું કરવા ?
ભમરો કહે સુણો અમથાભાઇ અમારે રમવુ પાલવે નહી
કોરી લાકડાં કરવું છે ઘર, ઇંડા મુકવાં તેની અંદર.

૫

હવે કંટાળ્યા અમથા ભાઇ,આવી મળ્યા એક વીંછીભાઇ.
પુછડી પકડવા અમથો જાય, વીછી કરડીને ચાલતો થાય.
રડે બુમો પાડી અમથાભાઇ, આળસુ રહીને કરી મુર્ખાઇ
ભણુવા ગણુવાનુ મુકી કામ,આળસુના થશે જુઓ હાલ આમ.

દયાળુ બાળ દીલ.

બાળ—દોડી આવ, દોડી આવ, પોપટ પંડિત.
મધુરૂં મધુરૂં તું ગા સુદર ગીત.
પોપટ પખી ચતુર સુજાણુ.
પઢો પોપટજી શ્રી ભગવાન.

લીલા પોપટજી રાતી ચાંચ.
ઉડી આવ, ઉડી આવ, ન આવે આંચ.
હું તને પકડીશ નહિ,
પાંજરામાં પુરીશ નહિ,
હું તને મારીશ નહિ,
તારી પાખ તોડીશ નહિ.
પોપટ—ના નહિ આવુ નાના બાળ,
વન વગડે રમતાં મુજ બાળ,
પાણી પીતાં તળાવ પાળ,
પ્રભુ અમારી કરે સંભાળ,
બાળ—પાકે શિયાળે મરચાં ઘણા,
થયા શીગે વટાણા ચણા,
રોટલી, લાડુ, ન કઇ મણા,
આવ તો આપું હું હમણા.
પોપટ—ના નહિ આવુ નાના બાળ.

* * * * *

બાળ—ઉનાળે પાકે બહુ ફળ,
કેરી, પેરૂ, સીતા ફળ.
ઉડી ન જા, તુ પાછો વળ,
વાડકી ભરીને મુકુ જળ.
પોપટ—ના નહિ આવુ નાના બાળ

* * * * *

ફળ ફુલ ધાન્ય તુજ નજરે પડે,
પે'લા ખાતાં મજા અમને પડે.
ખાતાં લોભી થતાં ન અમે,
તેથી સો ચીજો પામો તમે.

બાળ—ચોમાસે વરસે વરસાદ,
ત્યારે કો લેશે તુજ દાદ,
આવે તે વખતે હું યાદ,
બહુ કરીશ તું મુજને સાદ.
પોપટ—અમપંખી બહુ ચતુર જાત,
વિચાર કરી ને કરીએ વાત.
સંઘરી ખાવાનું ભલી ભાત,
માળે ખાશું બેસી શાંન્ત.

આંક.

એકડે	એક.	સુરજ ઉગે એક.
બગડે	બેય.	જોવા આંખો બેય.
તગડે	ત્રણ.	એક પૈસાની પૈ ત્રણ.
ચોગડે	ચાર.	ચોરસની બાજુ છે ચાર.
પાંચડે	પાંચ.	હાથની આગળીઓ પાંચ.
છગડે	છય.	માંખીના પગ છય.
સાતડે	સાત.	સાત ભાઈના તારા સાત.
આઠડે	આઠ.	કરોળીયાના પગ આઠ.
નવડે	નવ.	સળીમા લખોટા નવ.
એકડે મીંડે દસ.		બે હાથની આગળીઓ દસ.

બાળ રમુજ—૧.

એક હતો અકલબાજ, બહુ હતો દલગબાજ.
અકલ વેચીને લીધી પાઇ.
બહુ બહુ કરતો'તો ઠગાઇ.
લીધી પાઇની ખાણી, ઉપર પીધુ પાણી,
પેટ કુલીને થયો હડો, બહુ દુખીને ગોળો ચડયો.

ડાકટરે આપ્યો જુલાબનો પડો,
એટલી ઉલટી થઇ કે ભરાય ઘડો ।

બાળ રમુજ—૨

એક હતો હોમલો હાઉ.
તેણે પકડી લીધી મ્યાંઉ.
સામે આવ્યો કુતરો.
બહુ હતો ભુખરો.
કુતરો કરે બાઉ, બાઉ, બાઉ.
મીની કરે મ્યાંઉ, મ્યાંઉ, મ્યાઉ
હોમલો નાશી જાય કરતો, હાઉ, હાઉ, હાઉ.

બાળ રમુજ—૩

એક મસ્તાની મરઘી ચોર, મરઘી ચોરી નાશી જાય.
મરઘી વેચી લીધાં બોર. ભરી ટોપીમાં ખાતો જાય
તરવાર બંદુક લઇ આવ્યો સિપાઇ, જોઈ ગયો મસ્તાની છુપાઈ
સિપાઇ તેને જાણી ગયો, મારી મારી ચોકીમાં લઇ ગયો.

બાળ રમુજ—૪.

લાલચંદ લાડકો, હાથમાં લઈ વાડકો,
ભરી લઇ જાય તેમાં દહી.
દોડી આવી બીલાડી, વાડકો નાંખ્યો પાડી,
જુઓ તેણે ધ્યાન રાખ્યું નહીં.

બાળ રમુજ—૫.

બા., બા, બકરી બાઇ, તારી પાસે છે કંઇ ઊન,
હાજી, હાજી, હરખ બાઈ, ભરેલી છે ત્રણ ગુણ.
એક છે શેઠની ને બીજી છે શેઠાણીની,
ત્રીજી મારી હરખબાઇ, શેઠાણીની ભાણીની.

બાળ રમુજ—૬

મ્યાંઉ, મ્યાઉ, મીની બાઈ, કે'ની કે'ની ગઇ'તી કઇ
હું તો ગઇ'તી મુંબઈ, આવી છુ બેરીસ્ટર થઇ

બાળ રમુજ—૭

બાડો બડઘમ, વગાડે પડઘમ
પડઘમ ગયુ ફુટી, બાડાની મા કુટી.

બાળ રમુજ—૮.

ભરીને સભા ઉંદરોએ એવો ઠરાવ કર્યો,
બિલાડીને ગળે ઘંટ બાંધવા વિચાર કર્યો,
ઘંટ લાવ્યા બહુ આપી કિંમત,
બાંધવા કોઇની ન ચાલી હિંમત
આવી એવામાં એક બિલાડી,
કરી ઉંદરોએ દોડા દોડી.
રહ્યા ઘંટ તો ત્યાંજ પડી,
ઉંદરો ગયા દરમાંહે ગડી.

બાળ રમુજ—૯.

છગન મગન લઈ ચાલ્યા વજન,
વચ્ચે નડ્યુ વઘન,
તો પડી ગયો છગન.
પાછળ ઉભો ઉભો રડે મગન

બાળ રમુજ—૧૦

થોડી ભણતર, ખોટી ચણતર,
આખર નુકસાનમાં નડતર.
ઊંડી ભણતર, ઊંડી ભરતર,
એ સઘળી તો સુખમાં વળતર.
થોડું જીવતર, છોડું બળતર,
કર્મ ધર્મ સહ ભક્તિમાં તર.

બાળ રમુજ—૧૧.

હુરો નુરો બે ઝાડ પર ચઢયા,
ડાળી ભાંગીને નીચે પડયા.
હુરાનો ભાંગ્યો હાથ. નુરાનું ટુટયું નાક,
કોઇ પણ વૈદે તેને સાજા ન કર્યા.

બાળ રમુજ—૧૨.

લાલબાઇ લૂલી. લખવાનુ ભૂલી,
બારી રાખી ખૂલ્લી, રમતમાં ડૂલી.
બારીમાંથી ડાબડો, તે લઇ ગયો કાગડો.
તેમાં હતી પૂરી, તે ખાઇ ગયો કાગડો.
લાલબાઇ બેસી બારીએ, રડે કાઢી રાગડો.

બાળ રમુજ—૧૩

આ ગાય ચરવા જાય, ખેતરોમાં ઘાસ ખાય.
બચ્ચાં વાછરડાં કહેવાય, મીઠું મીઠું દુધ પાય.
દુધમાંથી દહીં થાય,દહીંમાંથી છાશ થાય.
છાશમાંથી માંખણું નીકળે, તેનું ચુલે ઘી ઉકળે.

બાળ રમુજ—૧૪.

એક ભાણા ભઠીયારાને મળ્યો કાણો કઠીયારો,
ભઠીયારો કહે કઠીયારાને દે લાંકડાનો ભારો.
કઠીયારો કહે ભઠીયારાને પૈસા લાવો ભાઇ,
ભઠીયારો કહે કઠીયારાને મારી પાસ નથી પાઇ.

સમાપ્ત.